## સામયિક મૂલ્યાંકન કસોટી (ગુજરાતી માધ્યમ)

ધોરણ - 8 | સામાજિક વિજ્ઞાન | ઓક્ટોબર, 2020

સમય - 1 કલાક | કુલ ગુણ - 25

---

**અ.નિ.** પ્રાકૃતિક આપત્તિઓની યાદી બનાવી દરેકનો અર્થ અને સ્પષ્ટીકરણ કરી શકશે.

**પ્રશ્ન:1** નીચે આપેલા જોડકાના 'અ' વિભાગને 'બ' વિભાગ સાથે જોડો . (5)

| (અ) | (બ) |
|---|---|
| 1. ભૂકંપ | a. સમુદ્રસપાટી પર ખૂબ શક્તિશાળી મોજાં ઉત્પન્ન થાય છે. |
| 2. ત્સુનામી | b. ભૂમિપ્રદેશનો ઉપરનો ભાગ નીચે તરફ ખસી જાય છે. |
| 3. પૂર | c. હવાનું તોફાન ઉદભવે છે. |
| 4. ભૂસ્ખલન | d. ભૂસપાટી એકાએક વેગથી ધ્રૂજી ઉઠે છે. |
| 5. વાવાઝોડું | e. નદીમાં એકાએક ધસમસતો પાણીનો પ્રવાહ. |

**અ.નિ.** પ્રાકૃતિક આપત્તિઓ ઉદભવવાના કારણો અને તેના કારણે થતી અસરો જણાવી શકશે.

**પ્રશ્ન:2** નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો

1. જ્વાળામુખી વિસ્ફોટ થવાના બે કારણો જણાવી તેના બે ફાયદા જણાવો. (2)
2. વાવાઝોડાને લીધે માનવજીવન પર થતી મુખ્ય બે અસરો જણાવો. (1)
3. નદીમાં પૂર આવવાના મુખ્ય કારણો જણાવો. (1)
4. દાવાનળનું કારણ અને અસર જણાવો. (1)

**અ.નિ.** અંગ્રેજ શાસનની ભારત પર સામાજિક તથા આર્થિક અસરો જણાવી શકશે.

**પ્રશ્ન:3(અ)** અંગ્રેજ શાસનની ભારત પર થયેલ અસરો કૌંસમાં આપેલ છે જેનુ વર્ગીકરણ કરો. (2)
( ખેડૂતવર્ગ પાયમાલ થયો , ગ્રામ સ્વરાજ્યની પ્રથા નાશ પામી, લાખો કારીગરો બેકાર બન્યા, અંગ્રેજી કેળવણીની શરૂઆત થઇ)

| A. આર્થિક અસરો | B. સામાજિક અસરો |
|---|---|
| | |

**પ્રશ્ન:3(બ)** 'બ્રિટિશ શાસનના સુધારાઓ રાષ્ટ્રવાદના ઉદ્દેશ માટે આશીર્વાદરૂપ બન્યા.' - આ વિધાન સમજાવો. (3)

**અ.નિ.** વાતાવરણમાં બદલાતી જતી આબોહવાના કારણો બતાવી અને આબોહવાની માનવજીવન પર થતી અસરો જણાવી શકશે.

**પ્રશ્ન:4(અ)** **મને ઓળખો.** (3)

1. હું પૃથ્વીના વાતાવરણને ગરમ કરનારી 'ગ્રીન હાઉસ ઇફેક્ટ' છું.
2. હું કોઇપણ પ્રદેશની તાપમાન, ભેજ અને વરસાદની ટૂંકાગાળાની સરેરાશ સ્થિતિ છું.
3. ફ્રીમ, પ્લાસ્ટિક, ફ્રિજ, AC વગેરેનો વપરાશ મારા ઉદભવ માટે જવાબદાર છે.

**પ્રશ્ન:4(બ) ગ્લોબલ વૉર્મિંગની અસરના કારણે જલાવરણને થયેલ નુકસાન જણાવો.** (2)

અ.નિ ભારતીય સંસદની રચના, તેના કાર્યો તથા સંસદીય વહીવટી કાર્યપ્રણાલી જણાવી શકશે.

પ્રશ્ન :5 નીચે આપેલા પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (5)

1. સંસદના ઉપલા અને નીચલા ગૃહનું નામ જણાવો.
2. રાજ્યસભાની કુલ સભ્યસંખ્યા જણાવી તેમાં ગુજરાત રાજ્યની બેઠકો કેટલી છે? તે જણાવો.
3. રાજ્યસભાનું સંચાલન કરનાર કયા નામે ઓળખાય છે? હોદ્દાની રૂએ આ સ્થાન કોણ શોભાવે છે?
4. ‘ખરડો’ એટલે શું ?
5. રાજ્યસભાના કોઇ પણ બે કાર્યો જણાવો.